રાજભવન, ગાંધીનગર.
તા. ૦૯/૦૧/૨૦૧૫

## ગુજરાતના રાજયપાલશ્રી ના હસ્તે પ્રમુખ સ્વામી મહારાજને 'પર્સન ઓફ ધી ઈયર–૨૦૧૪" તથા આચાર્ય ડૉ. લોકેશ મુનિજીને "એકસલેન્સ ઈન કોમ્યુનિટી સર્વિસીઝ પુરસ્કાર–૨૦૧૪" થી સન્માનિત કરાયા

---

## ધી સાઉથ એશિયન ટાઈમ્સ દ્વારા પ્રમુખ સ્વામી મહારાજના સન્માનમાં પ્રકાશિત કરાયેલ વિશેષાંકનું લોકાર્પણ

---

ધી સાઉથ એશિયન ટાઈમ્સ, ન્યૂયોર્ક દ્વારા પરમ પૂજય પ્રમુખ સ્વામીજી મહારાજને "પર્સન ઓફ ધી ઈયર–૨૦૧૪" તથા આચાર્ય ડૉ. લોકેશ મુનિજીને માનવ સેવાના કાર્યોમાં મહત્વનું યોગદાન કરવા માટે "એકસલેન્સ ઈન કોમ્યુનિટી સર્વિસીઝ પુરસ્કાર--૨૦૧૪"થી ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ સન્માનિત કર્યા હતા.

રાજભવન ખાતે ધી સાઉથ એશિયન ટાઈમ્સ તથા અહિંસા વિશ્વ ભારતીના સંયુકત ઉપક્રમે યોજાયેલ આ સન્માન સમારંભમાં પૂજય પ્રમુખ સ્વામીજી મહારાજ વતી શ્રી બ્રહ્મવિહારી સ્વામીજી ઉપસ્થિત રહયા હતા. ધી સાઉથ એશિયન ટાઈમ્સ દ્વારા પૂજય પ્રમુખ સ્વામીજી મહારાજના સન્માનમાં તેમના ઉપર તૈયાર કરાયેલ એક વિશેષાંકનું રાજયપાલશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે પૂજય પ્રમુખ સ્વામીજી મહારાજે ધર્મ અને આધ્યાત્મને પોતાના જીવનમાં પ્રત્યક્ષરૂપે કરી બતાવ્યું છે. શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે પ્રમુખ સ્વામી મહારાજે આપણા સૌને જીવનને કેવી રીતે ઉન્નત બનાવવું તેનું જ્ઞાન અને માર્ગદર્શન આપ્યું છે. ધર્મ અને આધ્યાત્મને મૂર્તસ્વરૂપ આપી માનવી–માનવી પ્રત્યેના વ્યવહારમાં વિનયશીલતા અને પરોપકાર ભાવને જાગૃત કરવાનું કાર્ય સંતોની વાણીનું કેન્દ્ર બિન્દુ હોય છે. આ અનન્ય કાર્ય પ્રમુખ સ્વામી મહારાજે સહજ

અહિંસા વિશ્વ ભારતીના સંસ્થાપક આચાર્ય ડૉ. લોકેશ મુનિજીને "એક્સલન્સ ઈન કોમ્યુનિટી સર્વિસીઝ પુરસ્કાર ૨૦૧૪" થી સન્માનિત કરાયા તે માટે રાજ્યપાલશ્રીએ આચાર્ય ડૉ. લોકેશ મુનિજીને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આચાર્ય ડૉ. લોકેશ મુનિજી ભગવાન મહાવીરના મહાન ઉપદેશોને જીવનમાં આત્મસાત્ કરી સમાજ અને રાષ્ટ્રમાં શાંતિ–અહિંસા અને પરસ્પર બંધુત્વ ભાવને દૃઢ બનાવવા અને તેનો પ્રચાર કરવા જે પ્રયાસો કરી રહયા છે, તે સરાહનીય છે. તેમને "એકસેલન્સ ઈન કોમ્યુનિટી સર્વિસીઝ– પુરસ્કાર–૨૦૧૪" થી સન્માનિત કરવામાં આવ્યા છે, તે ખૂબ જ ઉચિત છે.

આચાર્ય ડૉ. લોકેશ મુનિજીએ સન્માનનું પ્રત્યુત્તર આપતાં જણાવ્યું હતું કે આપણે આપણા અસ્તિત્વ અને વિચારો ઉપરાંત બીજાના વિચારોનું પણ એટલું જ સન્માન કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે સન્માન કરાતાં તેમના ઉપર વધુ જવાબદારી આવી છે, જેને અંતઃકરણપૂર્વક નિભાવવા તેઓ હમેશા પ્રયત્નશીલ રહેશે.

શ્રી બ્રહ્મવિહારી સ્વામીજીએ જણાવ્યું હતું કે (ધી સાઉથ એશિયન– ટાઈમ્સ) દ્વારા પરમ પૂજ્ય પ્રમુખ સ્વામીજી મહારાજ ને "પર્સન ઓફ ધી ઈયર–૨૦૧૪" થી સન્માનિત કરવામાં આવ્યા છે. જે સમગ્ર આધ્યાત્મ જગતનું સન્માન છે. પૂજય પ્રમુખ સ્વામીજી મહારાજે ત્યાગ, સમર્પણ, કરૂણા તથા માનવ સેવાનું અનન્ય ઉદાહરણ પુરું પાડયું છે. આવા સંતો જ સમાજ અને રાષ્ટ્રના શ્રેષ્ઠ કલ્યાણ માટે પ્રેરણા સ્ત્રોત છે.

પ્રારંભમાં ધી સાઉથ એશિયન ટાઈમ્સના અધ્યક્ષ અને પ્રકાશક શ્રી કમલેશ મહેતાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે પરમ પૂજય પ્રમુખ સ્વામીજી મહારાજ અને આચાર્ય ડૉ. લોકેશ મુનિજીએ સન્માનનો સ્વીકાર કરી તેમને ગૌરવાન્વિત કર્યા છે, તે બદલ બન્ને સંતપુરૂષોનો આભાર માન્યો હતો. જયારે ડૉ. રૂપકુમારે આભાર દર્શન કર્યું હતું.

આ પ્રસંગે પ્રવાસી ભારતીય દિનની ઉજવણીમાં ભાગ લેવા આવેલા ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

---